આતંકવાદ સામે સામુહિક એક્શન પ્લાન જરૂરી

તંત્રીસ્થાનેથી...

વિશ્વવ્યાપી આતંકવાદનો સૌથી કડવો અનુભવ યુરોપના સૌથી સુસંસ્કૃત ગણાતા રાષ્ટ્ર ફ્રાંસને થઈ રહ્યો છે. છેલ્લા એકાદ વરસમાં એને ઈતિહાસના યાદગાર આતંકી હુમલાઓનો ભોગ બનવું પડ્યું છે. અભિવ્યક્તિના સ્વાતંત્ર્ય માટે ઝઝૂમતા 'શાર્લી હેબ્દો' સામયિકના પત્રકારો અને કાર્ટૂનિસ્ટોની બેરહેમ કતલથી લઈ નીસના સમુદ્ર કિનારે નેશનલ ડે ની ઊજવણી વખતે કાળ બની ત્રાટકેલો સફેદ ટ્રક: આ બધી નાટકીય ઘટનાઓ ફ્રાંસની સંવેદનશીલ પ્રજાને સ્વાભાવિક રીતે જ દિઙ્મૂઢ કરનારી નીવડી છે. ફ્રાંસના પ્રમુખે રાષ્ટ્રીય કટોકટી લંબાવી છે. અમેરિકાથી લઈ ભારત સુધીના શુભેચ્છકોએ એ દુ:ખની ઘડીમાં ફ્રાંસની સાથે હોવાનાં નિવેદનો કર્યાં છે. પરંતુ એથી આતંકવાદ સામેની આંતરરાષ્ટ્રીય લડાઈનું કોઈ સ્પષ્ટક ચિત્ર આકાર પામ્યું હોવાનો દિલાસો લઈ શકાય એમ છે ખરો? નરેન્દ્ર મોદીએ આંતરરાષ્ટ્રીય મંચ પર આતંકવાદ સામે આખી દુનિયાએ એક થઈને લડત આપવાની સતત રજૂઆત કરી છે. એમના પૂર્વસૂરિ ડૉ. મનમોહનસિંહ પણ આ જ વાત કરતાં કરતાં નિવૃત્ત થઈ ગયા. ભારતને આતંકવાદના કારણે જેટલું સહન કરવું પડ્યું છે એથી હજારમા ભાગનું પણ અમેરિકા કે ફ્રાંસને નથી વેઠવું પડ્યું. પરંતુ દુનિયામાં એ પ્રસ્થાપિત રાષ્ટ્રો પહેલાંથી જ જમાદારી કરતાં હોઈ એમને એકાદ ઠોકર વાગે તોય એની ગંભીર નોંધ લેવાતી રહી છે. અત્યાર સુધી આ સુધરેલી દુનિયા ભારતના દુ:ખને બરાબર સમજતી નહોતી, કદાચ આજની ક્ષણે પણ એને પાક પ્રેરિત આતંકવાદ કરતાં કાશ્મીર ઘાટીમાં ભારતીય સેના દ્વારા થઈ રહેતા તથાકથિત માનવાધિકારોના ઉલ્લંઘનની વધારે ચિંતા છે. ઈઝરાયલ જેવા દેશોની જેમ વિશ્વમતની ઐસી કી તૈસી કરવાની ભારતમાં નથી હિંમત કે નથી એનામાં અમેરિકાની જેમ પોતાના ગુનેગારને પાકિસ્તાનમાં ઘૂસીન ઝબ્બે કરવાની તાકાત. તેથી એ સતત માર ખાતું રહે છે અને નિવેદનો પર નિવેદનો ઝીંકીને પોતાનો વક્કર દેખાડતું રહે છે. ફ્રાંસની ઘટના પછી 'ધોળી દુનિયા' એનો કેવો અને કેટલો પ્રતિકાર કરશે તે આવનારા દિવસોમાં જોઈ શકીશું. ત્યારે 'ગુડ ટેરરિઝમ' અને 'બેડ ટેરરિઝમ' વચ્ચેનો એ લોકોનો વિવેક પણ સરાણે ચડશે. મનમોહન અને મોદી બેઉ આ મુદ્દે ગાઈ વગાડીને આંતરરાષ્ટ્રીય મંચ પર કહેતા રહ્યા છે કે ત્રાસવાદ એ ત્રાસવાદ છે : એનું સારા અને ખોટા જેવા વિભાગો કે પ્રકારોમાં વર્ગીકરણ કરવાનું ન હોય. બાંગ્લાદેશમાં જે ઘટના બની એને કયા પ્રકારનો આંતકવાદ ગણશો? સ્થાનિક કટ્ટરવાદીઓ એ રેસ્ટોરંટને બાનમાં લઈ જેમને કુરાનની આયાત બોલતાં ન આવડી એમને ગોળીએ દઈ દીધા. ઈસ્લામિક સ્કૉલર તરીકેની પાકિસ્તાનને આતંકવાદનું એપી સેન્ટર ગણી એનો બહિષ્કાર કરવાનું પગલું એ કયારેક નહીં ભરી શકે, કારણ કે એની સાથે એમનાં સ્ટ્રેટજિક અને કોમર્શિયલ હિતો સંકળાયેલા છે.

શિક્ષણ, લોકસાહિત્ય અને ટૂંકીવાર્તા ક્ષેત્રે બળુંકું નામ : ડૉ. રાઘવજી માધડ

ગુજરાતી સાહિત્યથી આજે લોકો વિમુખ થઈ રહ્યા છે. એના એક કારણમાં આજનું સાહિત્ય લોકાભિમુખ રહ્યું નથી.

એમ માની શકાય કેમ કે આજે મોટાભાગના લેખકો એ.સી રૂમમાં

બેસીને ધોમધખતા તડકા વિશેના લેખો લખે છે. ત્રણ ટાઈમ સુકો મેવો ખાઈને ગરીબ - તરછોડાયેલા બાળકો ઉપર વાર્તાઓ લખે છે. જો કે આજે ઘણા લેખકો એવા પણ છે કે દુનિયા બદલાઈ હોવા છતાંય પોતાના તળના સંસ્કાર, રીત રિવાજ. બળકટ બોલી અને પરંપરાને ભૂલ્યા નથી. આવા જ એક લેખક ગાંધીનગરમાં વસે છે.

શિક્ષણ, લોકસાહિત્ય અને ટૂંકીવાર્તા ક્ષેત્રે ડો.રાઘવજી માધડનું નામ જાણીતું છે. આ સર્જકનો જન્મ સૌરાષ્ટ્રના અમરેલી જિલ્લાના દેવળીયા ગામમાં તા.૦૧-૦૬-૧૯૬૧ના રોજ માતા કાળીબહેન અને પિતા દાનાભાઈના ઘેર થયો છે. જન્મથી ગળથૂથીમાં જ ગ્રામજીવન અને સૌરાષ્ટ્રના સંસ્કારોનો વારસો મળ્યો છે.

શિક્ષક તરીકે કારકિર્દીની શરૂઆત કરી, શિક્ષણના વિવિધ ક્ષેત્રોમાં કામ કરી શિક્ષણ વિભાગની જાણીતી સંસ્થા ગુજરાત શૈક્ષણિક સંશોધન અને તાલીમ પરિષદ (જીસીઈઆરટી) ગાંધીનગરના મુખપત્ર 'જીવન શિક્ષણ'માં સહતંત્રી તરીકે વરસો સુધી સેવાઓ આપી છે. તેઓનો અભ્યાસ પી.ટી.સી, એમ. એ,. બી, એડ, એમ. એ. (એજ્યુકેશન) અને પીએચ.ડી સુધીનો રહ્યો છે.

આ સર્જકે ગુજરાતી સાહિત્ય જગતમાં 'ઝાલર' વાર્તાસંગ્રહથી પ્રવેશ કરીને ટૂંકીવાર્તા ક્ષેત્રે પોતાની આગવી ઓળખ ઊભી કરી છે. અને જીવન સાથે નિસબત ધરાવતી વાર્તાઓ આ સર્જકની યુવા કલમે અવતરી છે. આ વાર્તાઓનું ભાવવિશ્વ તળની માટીની મહેક લઈને આવે છે. જીવન પ્રત્યેનું સકારાત્મક બળ અને વાર્તાઓમાં નિરૂપાતો ગ્રામીણ સમાજ, એના પાત્રો અને રીત રિવાજોમાંથી ઉદભવતો કથાનો રસ ભાવકોને એક જુદી જ દુનિયામાં લઈ જાય છે. અને એટલે જ આ વાર્તાઓ આપણી આસપાસ જીવાતા જીવન જેવી લાગે છે. સર્જક પાસે કાઠિયાવાડની બોલીનું બળ છે. જીવનને નિરખવાની, સમજવાની એક નવી દૃષ્ટિ છે. આ બધું વાર્તાની પરંપરાગત શૈલીમાં આવતું હોવા છતાંય કલાત્મક અને રસમય બને છે સર્જકના આ 'ઝાલર' વાર્તાસંગ્રહને ગુજરાત સાહિત્ય અકાદમીનું પારિતોષિક પણ મળ્યું છે. વાર્તા ક્ષેત્રે અનેક પારિતોષિક મેળવનાર આ સર્જકને વર્ષ-૨૦૧૪નું ''કેતન મુનશી પારિતોષિક'' પણ પ્રાપ્ત થયું છે.

ગુજરાતી ટૂંકીવાર્તાઓમાં પોતાની કેડી કંડારનાર શ્રી માધડ પાસેથી જે વાર્તાસંગ્રહો મળે છે તેમાં ''સંબંધ'', ''જાતરા'', ''અમરફળ'' મુખ્ય સંગ્રહો છે. એમની વાર્તાઓ જેટલી વંચાઈ એટલી જ પોંખાઈ છે. સાહિત્યકાર દિલીપ રાણપુરા એમની વાર્તાઓ વિશે લખે છે કે ''તમારી વાર્તાઓમાં મને વરતાય છે જીવનની કઠોર-નઠોર વાસ્તવિકતાને પચાવી લીલપ પાથરતી આવડત...તળપદી વાતોની સાથોસાથ સચ્ચાઈ અને ખમીરનો રણકો પણ સંભળાય છે'' તો વળી રજનીકુમાર પંડ્યા લખે છે કે ''તમારી વાર્તાઓમાં કાઠિયાવાડી વાતાવરણ જ નહી પણ પૂરું કાઠિયાવાડ અનુભવવા મળે છે. થોડા સમયમાં ગજુ કાઢ્યું અને નોંધપાત્ર લેખકોની હરોળમાં ઘણે આગળ બેસી ગયા છો'' આમ આ સર્જકની વાર્તાઓમાં તળજીવનનો સાચો ધબકાર અને એની સુગંધ અનુભવી શકાય છે. સૌરાષ્ટ્રના તળ સમાજમાંથી આવેલા આ લેખક પાસે સારા-ખરાબ અનુભવોનો યુગો જુનો વારસો તો છે જ, પરંતુ એમાંથી વાર્તા નિપજાવવાનો પોતાનો આગવો કસબ પણ છે.

આપણી લોક પરંપરાની કથાઓએ આ સર્જકના સંવેદનજગતમાં ઊંડી અસર પાડી છે તો સમાજના વિવિધ વર્ગો તરફથી પોતાને અને પોતાના સમાજને વેઠવા પડેલા અન્યાયો પ્રત્યે એમનો સર્જકીય પ્રતિભાવ પણ અહીં અનેક વાર્તાઓમાં આપણને દેખાય છે. બોલચાલની ભાષા દ્વારા તેઓ ખુબ સાહજિકતાથી રજુ કરે છે. તેની પ્રતીતિ આપણને પાત્રોના સંવાદોમાં તો થાય જ છે અને વાર્તા નિમિતે જે કહેવું છે તેમાં વાર્તાકથનથી દૂર જતું ન રહેવાય તેની કાળજી તેમણે સતત રાખી છે. પોતીકા પ્રદેશનો પરિવેશ, પરંપરા, પ્રણાલી, પ્રાદેશિકતા, લોકસંસ્કૃતિ સર્જકના સર્જનમાં પ્રતિબિંબ થાય છે. અનુભવનું રસાયણ પણ કલાના માધ્યમથી ઘૂંટાઈને ઊભરી આવતું જોઈ શકાય છે. તો વળી શહેરી સંસ્કૃતિની અત્યાધૂનિક વાર્તાઓ પણ આ સર્જકની કલમે આપી છે.

લોકસાહિત્ય અને ટૂંકીવાર્તાઓમાં કલાકસબ દાખવનાર આ સર્જક પાસેથી અનેક નવલકથાઓ પણ મળે છે. જેમાં ''તરસ એક ટહુકાની'' ''સગપણ એક ફૂલ'' ''જળતીર્થ'' અને ''કૂખ''... વગેરે નોંધપાત્ર છે. જે ગુજરાતનાં અગ્રગણ્ય દૈનિકોમાં ધારાવાહિક રૂપે પણ પ્રથમ પ્રાગટ્ય પામી છે. જેથી આ સર્જકને બહોળો વાચકવર્ગ મળ્યો છે. ''જળતીર્થ'' નવલકથા એ જુદી ભાત પાડતી પ્રાદેશિક નવલકથા છે. જેમાં ખાસ કરીને સૌરાષ્ટ્રના પાણીના પ્રશ્નને વાચા આપવામાં આવી છે. કોઈ એક વિસ્તારના પાણીના પ્રાણપ્રશ્નને લઈ કોઈ કથા સર્જાઈ હોય તો પ્રથમ નવલકથાનું શ્રેય આ 'જળતીર્થ' ને જાય છે. જે તે સમયે આ કથાએ સાહિત્યમાં ઠીક ઠીક ચર્ચા જગાવી હતી. ખાસ કરી પ્રાદેશિક કથાઓમાં સમાજના તાણાવાણા, વ્યવહારની આંટીઘૂંટી, વિટંબણાઓ, વિપદાઓ, સમસ્યાઓ, છૂતા છૂત...ને તેમની વચ્ચેથી ઊગી નીકળતી પ્રેમની કૂંપળો...વાચકને નવોન્મેષ અનુભવ કરાવે છે. કથાની ભાષા શૈલીમાં તળપદા શબ્દો, તેમની લઢણો, રૂઢિપ્રયોગો, કહેવતો સરળ અને ઉચિત રીતે ગોઠવાઈને કલાત્મક રૂપધારણ કરે છે. સૌરાષ્ટ્રની સમૃદ્ધ લોક-બોલીનો સુંદર વિનિયોગ આ સર્જકની વિશેષતા છે. ઘણાં અસ્ત પામવાના આરે ઊભેલા તળપદા શબ્દોને આ સર્જકે પોતાની કથાઓમાં વણી લઈને બચાવી લીધા છે. તેવી જ રીતે ''કૂખ'' લઘુ નવલકથા પણ ચર્ચામાં રહી હતી. આ કથામાં તદન નવો જ વિષય-સેરોગેટ મધર વિશેની વાત કરવામાં આવી છે. જેમાં માનવીય સંવેદના કેન્દ્રસ્થાને રહી છે. આમ નવલકથા ક્ષેત્રે પણ આ સર્જકનું પ્રદાન નોંધપાત્ર રહ્યું છે.

આ સર્જકનું વિશેષ રીતે નોંધનીય કાર્ય સૌરાષ્ટ્રના લોકસાહિત્યનું રહ્યું છે. આજે નવીપેઢીના સર્જકોમાં લોકસાહિત્ય ક્ષેત્રે કામ કરનાર આંગળીના વેઢે ગણી શકાય એટલા, બે-ત્રણ સર્જકો રહ્યા છે. કેમ કે લોકસાહિત્યમાં ખેડાણ કરવું તે ધૂળધોયાનું કપરું કામ છે. પણ આ સર્જકે માતબર ખેડાણ-સર્જન કરી પાંચ જેટલા લોકકથાના સંગ્રહો આપ્યા છે. જેનું પ્રકાશન ગુજરાત સાહિત્ય અકાદમીના શ્રી ઝવેરચંદ મેઘાણી લોકસાહિત્ય કેન્દ્ર,રાજકોટ દ્વારા કરવામાં આવ્યું છે. આ લોકભોગ્ય સાહિત્ય ગુજરાતના અગ્રગણ્ય દૈનિકોમાં નિયમિત કોલમ રૂપે સતત વીસ વર્ષ સુધી પીરસતા રહ્યાં છે. જેનો એક ચોક્કસ વાચકવર્ગ ઊભો કરી શક્યા છે. આ માટે સર્જકને ''હ્યુમન સોસાયટી ઓફ ઈન્ડિયા'' તરફથી ''શ્રી ઝવેરચંદ મેઘાણી એવોર્ડ'' પણ પ્રાપ્ત થયેલ છે.

ઝવેરચંદ મેઘાણી દ્વારા જગાવેલી લોકસાહિત્યની મશાલને વધુ પ્રજ્વલિત કરવામાં આ સર્જકનો ફાળો વિશેષ છે. જતિ,સતી, શૂર, દાતાને ભક્તોનાં ચરિત્રોથી સૌરાષ્ટ્રનું લોકસાહિત્ય ઘેઘૂર બન્યું છે. ગામેગામ પાદરમાં ઊભેલાં પાળિયા,ખાંભી,થાનક કે સમાધિઓઆ લોકકથાઓમાં જાણે કે આળસ મરડીને બેઠાં થાય છે. વિસરાતી વિરાસત કે એક સાંસ્કૃતિક વારસાનું જતન એમના લોકસાહિત્યમાં થતું જોઈ શકાય છે.

''બે શબદની વાત'' ''ગુલમહોર'' તથા ''ભવની ભવાઈ'' નામે ત્રણ નિબંધ સંગ્રહ આ લેખક પાસેથી મળે છે. જેમાં પ્રથમ બે સંગ્રહમાં ટૂંકા ને ચિંતનાત્મક લેખો છે. જે વીજળીના જેમ ચમકારો કરી જાય તેવાં છે. જયારે ત્રીજા સંગ્રહમાં પ્રધાનસૂર સામાજિક સમસ્યાઓનો રહેલો છે. તેનું વિષય વૈવિધ્ય અને વાચનક્ષમ ભાષાશૈલીને લીધે નોંધપાત્ર રહ્યાં છે.

ગુજરાતના અગ્રગણ્ય દૈનિકપત્રોમાં શ્રી માધડ છેલ્લા બે દાયકાથી નિયમિત કોલમ લેખન કરતા રહ્યાં છે. જેમાં ખાસ કરી લોકકથાઓ, ગ્રામીણ-સામાજિક સમસ્યાઓ વિષય તરીકે વણાતા રહ્યાં છે. જેનાથી લોકજાગૃતિ કે સામાજિક ચેતનાનો સંચાર થતો રહ્યો છે. ''દિવ્યભાસ્કર'' દૈનિકની રવિવારની પૂર્તિમાં 'ધુમ્મસ' શીર્ષકથી તેઓએ ઘણા વર્ષો લખ્યું છે. જેમાં યુવાવર્ગની સાંપ્રત સમસ્યાને કેન્દ્રમાં રાખી કથાનું સર્જન કરવામાં આવતું હતું આ કોલમ કથાની ભાષા યુવાપેઢીને વાંચવી ને મમળાવવી ગમે તેવી હતી.તેનાથી યુવાપેઢીને માતૃભાષા પ્રત્યેનો પ્રેમ કે લગાવ જન્મે એ રીતે એની માવજત થતી હતી. ને સાથેસાથે યુવા પેઢીના પ્રશ્નોને વાચા મળે એવું એનું માળખું હતું. આ કોલમ લોકપ્રિયતાની ટોચ પર પહોંચી હતી. જો કે છેલ્લા કેટલાંક સમયથી આ કૉલમનું નામ બદલીને ''ચંદરવો'' રાખવામાં આવ્યું છે. જેમાં લોકસાહિત્યની કથાઓ રજુ થાય છે.

આ સર્જકના કથાસાહિત્ય ઉપર ઘણાં અભ્યાસુ-સંશોધકોએ સંશોધન કરીને એમ.ફીલ અને પીએચ.ડી.ની પદવીઓ પ્રાપ્ત કરેલ છે. ઘણી વાર્તાઓનો હિન્દી અને અંગ્રેજીમાં અનુવાદ થયો છે. તો વળી ધોરણ આઠના પાઠ્ય પુસ્તકમાં આ સર્જકનો એક પાઠ સમાવાયો છે.

આમ સાવ નાના ગામડા ગામથી એક શિક્ષક તરીકે પોતાની સેવા-યાત્રાનો આરંભ કરનાર શ્રી રાઘવજી માધડની ગાંધીનગર સુધીની યાત્રા સુખદ રહી છે. એમની સરળતા, સહજતા, સર્જનાત્મકતા અને શૈક્ષણિક પ્રતિભાનો લાભ શાળા પાઠ્યપુસ્તકોના લેખન-પરામર્શનથી લઈ અસંખ્ય શૈક્ષણિક કાર્યક્રમો-પ્રશિક્ષણ-સંશોધનોને રાજ્યમાં તેમજ અન્ય રાજ્યોને પણ મળ્યો છે. એકાધિક એવોર્ડથી સન્માનિત શ્રી રાઘવજી માધડનું રેડિયો નાટક, ટેલિવિઝન શ્રેણીઓ તથા ગુજરાતી ફિલ્મોની કથા-પટકથા-સંવાદ લેખનમાં પણ કામ રહ્યું છે. આવા સર્જકનું રાજ્ય સરકારમાં હોવું એ ગૌરવની વાત છે. હાલમાં આ સર્જક રાજ્ય શાળા પાઠ્ય પુસ્તક મંડળને પોતાની સેવાઓ આપી રહ્યા છે.

- 9426060601.india@gmail.com

ખડમોર : સમગ્ર વિશ્વમાં ફક્ત ભારતીય ઉપખંડમાં જોવા મળતું આ પક્ષી ભારતનું 'એન્ડેમીક પક્ષી' ગણાય છે

ગુજરાતીમાં 'ખડમોર' તરીકે, હિન્દીમાં 'લીખ' ના નામે ઓળખાતાં પક્ષીને અંગ્રેજીમાં 'લેસર ફ્લોરીકન' ના નામથી ઓળખવામાં આવે છે. 'ખડ' એટલે ઘાસ એ રીતે 'ખડમોર' ઘાસનો મોર નામ તેની ઘાસિયા પ્રદેશોમાં રહેવાની ટેવ તથા મોર જેવી કલગીવાળા દેખાવને લીધે અપાયેલ છે.

સમગ્ર વિશ્વમાં ફક્ત ભારતીય ઉપખંડમાં જોવા મળતું આ પક્ષી ભારતનું 'એન્ડેમીક પક્ષી' ગણાય છે. પ્રવર્તમાન સમયમાં આ પક્ષી ફક્ત ગુજરાત, રાજસ્થાન, મધ્યપ્રદેશ, મહારાષ્ટ્ર, તેલંગાના રાજયોનાં જ જોવા મળે છે. આપણા ગુજરાત રાજયમાં તે દાહોદ નજીક આવેલા રામપરા ઘાસવીડી અને ભાવનગર નજીક આવેલ વેળાવદર ઘાસવીડી કે જે રાષ્ટ્રીય ઉદ્યાન પણ છે ત્યાં જોવા મળે છે.

ખડમોર ઘોરડ કુટુમ્બનું પક્ષી છે, તેના નર અને માદા પક્ષીના દેખાવ મોર અને ઢેલની જેમ જુદા-જુદા દેખાય છે. સંવનન (બ્રીડીગ) કાળ દરમિયાન નરનો દેખાવ બદલાય છે. નરનું ગળું તથા માથું કાળું હોય છે અને માથા પર મોરની જેમ ત્રણ પીંછાવાળી કલગી જોવા મળે છે. સંવનન સિવાયની (નોન બ્રીડીંગ) ઋતુ દરમિયાન નર-માદા સરખાં દેખાય

ઘાસિયા પ્રદેશનું પક્ષી - ખડમોર

છે. માદાં નર કરતાં કદમાં સામાન્ય મોટા કદની હોય છે. આ પક્ષી પાલતું મરઘીના જેવડા ૪૫ થી ૫૦ સે.મી. લંબાઈ અને ૪૭૦ થી ૫૧૦ ગ્રામ વજનના હોય છે. લાંબી ચાંચ, લાંબા પગ અને પાતળી ગરદન ધરાવે છે.

વર્ષાઋતુ દરમિયાન સ્થળાંતર કરીને રાજયના ઘાસિયા પ્રદેશોમાં આગમન કરતા આ પક્ષીઓ મિશ્રાહારી છે. તે તીડ, ઈયળો, ઉડતી માખીઓ જેવા કીટકો ઉપરાંત ગરોળી, કાચીંડા જેવા સરિસૃપો અને દેડકા જેવા ઉભયજીવો ઉપરાંત બીજ, પર્ણો, છોડ, ફળો, ફણગા વગેરે પણ ખાય છે. આ પક્ષીઓ સ્થળાંતર કરી આવ્યા ત્યારે શરુ શરૂમાં સમગ્ર દિવસ ખોરાક માટે ફરતાં રહે છે. ત્યારબાદ વહેલી સવારે અને સંધ્યાકાળે ખોરાક માટે ફરે છે.

ઊંચા ઘાસ વચ્ચે લાપતાં - છુપાતાં ખડમોર જોવા મળવા કઠીન છે. જેમાં માદા જોવા મળવી અતિ કઠિન છે. પરંતુ નર તેની ઓળખ કે હાજરી છુપાવી શકતો નથી તે માટની તેની એક વિશિષ્ટ ખાસિયત ભાગ ભજવે છે. સંવનન ઋતુમાં નર ઊંચા ઘાસમાં એક સ્થાન પર ઊભા રહીને આસપાસ નજર ફેરવે છે અને પછી જમીનથી દોઢથી બે મીટર જેટલો ઊંચો કુદકો મારે છે. વધુ નવાઈ લાગે તેવી વાત તો એ છે કે એક દિવસમાં નર ખડમોર ૫૦૦ થી ૬૦૦ વાર આવા કુદકા મારે છે. એક અભ્યાસ દરમિયાન નર દ્વારા એક કલાકમાં ૧૫૦ કુદકા મરાયાનું નોંધાયું છે. આટલા બધા કુદકા મારવા પાછળના બે કારણો છે. એક તો જે તે વિસ્તારમાં અન્ય નર સામે પોતાનું પ્રભુત્વ પ્રસ્થાપિત કરવું અને બીજું કારણ ઘાસમાં ફસતી માદાઓને પોતાની હાજરી પ્રદર્શિત કરી કરીને સંવનન માટે આકર્ષિત કરવી. આવા કુદકા મારે ત્યારે નરની પાંખોમાંથી દેડકા બોલતાં હોય તેવો ટર... ટર... જેવો ખાસ અવાજ પેદા થાય છે. એક નર પક્ષી ૧ થી ૨ હેકટર જેટલા વિસ્તાર પર કબજો જમાવે છે.

સામાન્ય રીતે આ પક્ષી બહુ જ ઓછું બોલે છે. નરનો અવાજ ટૂંકી સીસોટી જેવો હોય છે. જયારે માદા કર્કશ અવાજ કરે છે. નર પક્ષી નવા સ્થાને પરત સ્થળાંતર વહેલાં કરે છે. જયારે માદા પક્ષી ડિસેમ્બર - જાન્યુઆરી માસ સુધી જે તે ઘાસબીડમાં રહે છે અને ત્યારબાદ પરત જાય છે.

ઘાસિયા વિસ્તારોમાં ઘટાડો, વધુ પડતું ચરિયાણ, ગૌચર જમીન ખેતરોમાં ફેરવાઈ જવી, ગાંડા બાવળ જેવી અતિક્રમણકારી વનસ્પતિનો આડેધડ ફેલાવો, શિકાર અને અનિશ્ચિત વરસાદ જેવા કારણોને લીધે ખડમોરની વસ્તી ખુબ જ ચિંતાજનક રીતે ઘટી રહી છે. દેશમાં હવે ફક્ત ૧૫૦૦ ખડમોર પક્ષી હોવાનો અંદાજ મુકાય છે. આઈ.યુ.સી. એન. ના રેડલીસ્ટમાં આ પક્ષીને હોવાનો અંદાજ મુકાય છે. આઈ.યુ. સી.એન.ના રેડલીસ્ટમાં આ પક્ષીને ભય હેઠળ (થ્રીટન) જાતિની યાદીમાં મુકવામાં આવેલ છે. ભારતીય વન્યજીવ (સંરક્ષણ) ધારા ૧૯૭૨ આ પક્ષીને અનુસૂચિ-૧ હેઠળ જાહેર કરીને રક્ષણ અપાયું છે.

ટેકનોલોજીના મહત્તમ અને આડેધડ ઉપયોગની આડઅસરો પણ છે

'આપણને ગમે ત્યારે મેસેજ કરજે ને...જવાબ મળી જાશે....!!' 'વાહ, તમારું કામ ભાયરે ઝડપી હો, હજુ તો મેસેજ સેન્ટ માંડ થયો ત્યાં તો તમારો જવાબ પણ આવી ગયો...!! જબરા સ્પીડી...!! ''અંગ્રેજીમાં એક શબ્દ છે 'ઓમ્નીપ્રેઝન્ટ' - મતલબ કે એક જ સમયે સદૈવ સઘળે હાજર અર્થાત સાદી ગુજરાતીમાં કહીએ તો અત્ર તત્ર સર્વત્ર...!! પહેલાના જમાનાની તો એકમાત્ર સંજયને બાદ કરતા બીજા કોઈની ખબર નથી પણ હાલના હાઈટેક - એવર કનેકટેડ વર્લ્ડમાં આ શબ્દ બરાબર બંધબેસે છે...યસ ઓમ્નીપ્રેઝન્ટ અને તેનો આજના હાઈટેક વર્લ્ડનો નવો શબ્દ છે ઓલ્વેઝ ઓનલાઈન...યાની કી એવર કનેક્ટેડ!! પહેલા ટપાલો લખાતી, એ પહોચતી અને વળતા જવાબમાં ટપાલ આવતી એ વચ્ચે એક આખો યુગ વીતી જતો, કબુતર જાં જા જા કરતા ઉડાડ્યું હોય એની પાછા આવવાની કોઈ સમયસીમા કે ગેરેંટી હતી નહિ પણ હા તોયે એકબીજા સાથે કનેક્ટડ રહેવાનો પ્રયાસ તો રહેતો જ. અને રહે જ ને મૂળે તો મનુષ્ય સામાજિક પ્રાણી ખરું ને ? પણ હવે...? ના કબુતર કી ઝંઝટ ના ખતો કે ઈન્તેઝાર...એક ક્લીક ને ટડીંગ કરતું વછૂટે એક નોટીફીકેશન અને ધડીંગ કરતો પહોચે સંદેશ...!! શર્ત એટલી કે હી કે શી શુડ બી ઓનલાઈન...!!

વળી પાછું ઓનલાઈન...? પણ શું થાય બબુઆ... આ એવર ગ્રોવિંગ જગતમાં ઓનલાઈન રહેવું જરૂરી જ નહી પણ ફરજીયાત થઈ ગયું છે અને હવે તો એના જરીયા પણ કેટલા બધા છે. ઢગલો સાઈટ્સ અને એપ્લીકેશન થી લેસ આ મોર્ડન વર્લ્ડમાં એકબીજા સાથે કનેક્ટેડ રહેવું હવે કબુતર ઉડાડવા જેટલું કે પછી ટપાલીનો ઈન્તેઝાર કરવા જેટલું અઘરું કામ નથી. ૬૫ દેશોમાં એકસાથે થયેલા એક સર્વે મુજબ ૭૩% સ્માર્ટફોન ધારકો દિવસમાં અંદાજે ૧૫૦ વાર મેસેજ કે ઈમેલ ચેક કરે છે. એટલું જ નહિ પણ ટેકનોક્રેટો તો ભવિષ્ય ભાખે છે કે ૨૦૨૦ સુધીમાં ખાલી તમે એકલા જ નહિ પણ ફ્રીજ, વોશિંગ મશીન, ટીવી, કાર,તમારો મેઈન ડોર સહીત ઘણીબધી ચીજો પણ ઓલ્વેઝ ઓનલાઈન થઈ જવાની !!! જગત હાઈટેક થતું જાય છે એમ એમ નાનું થતું જાય છે અને સાથે સાથે સુપર સ્પીડી થતું જાય છે. સમય ક્યાં કોઈ પાસે? એવા સમયે ભલે થોડી નકારાત્મક અસરો હોવા છતાં પણ ઓલ્વેઝ ઓનલાઈન એ ઉપરવાળાએ આપેલું અમુલ્ય વરદાન સાબિત થઈ રહ્યું છે અને હજુ વધુ થશે પણ..બશર્ત કે હાવ યુ યુઝ ઈટ !!!

યસ ટેકનોલોજીના મહત્તમ અને આડેધડ ઉપયોગની આડઅસરો પણ છે પણ સો વ્હોટ ? અરે યાર 'ક્યા છો ?' પુછ્તાની બીજી જ સેકન્ડે જવાબ મળે કે 'બસ રસ્તામાં છું...બે મીનીટમાં પહોચ્યો' અથવા તો 'ફલાણી ફલાણી જગ્યાએ છું' તો આવા સમય બચાવો અને સાથે સાથે સ્ટીક માહિતી મેળવવાના ફાયદા સામે થોડો ઘણો ગેરફાયદો થતો હોય તો કુબૂલ હૈ... કુબૂલ હૈ...આઈ મીન મંજુર હૈ...!!! હવે કુંભના મેળામાં માં-બાપથી બાળકો કે ભાઈથી ભાઈ નથી બીછડતા... હવે કપડાના શોરુમે પાડેલો (અને પછી

અત્ર...તત્ર...સર્વત્ર...!!!

સેન્ડેલો) એક ફોટો કપડાના કલર ને બીજી પસંદગીની અઘરી માથાઝીકથી બચાવી લે છે...હવે 'કેટલા દી થ્યા તને જોયો/જોઈ નથી' એવું કહેવાના દિવસો એક જ વિડીયોકોલીંગની રીંગ વાગતા જ અદૃશ્ય થઈ જાય છે... હવે ગમે એ અજાણ્યા શહેરમાં પણ એક ઓનલાઈન બડી મળી જાય છે અને એક્ચ્યુલ કરતા આ વર્ચ્યુલ બડી વધુ હેલ્પફુલ થાય છે...હવે તમારે ઘરે આવ્યા પછી પાછું દુધની થેલીઓ લેવા નથી જવું પડતું (રસ્તામાં જ શ્રીમતીજી ટડીંગ કરી મુકે છે કે વળતા બે થેલી ગોલ્ડ પકડતા આવજો)...!!!

અહી વાત ઓનલાઈન રહેવાની થઈ રહી છે નહિ કે ઓનલાઈન 'જ' રહેવાની...યુ સી આ એક્સ્ટ્રા 'જ' માં જ આખી વાતનું પ્લસ છે અને એમાં જ આખી વાતનું છે માઈનસ પણ !! વારે વારે સ્ટેટ્સ ચેક કરવા કે પછી કામ પડતું મુકીને ટવીટર પર કલબલાટ કરવો કે પછી જરૂર ના હોય તો પણ વોટ્સઅપીયા ફોરવરડોની ફેંકાફેંક કરવી જેવી ઓનલાઈન ક્રિયાઓ આ 'જ' અંતર્ગત આવી જાય છે એમ વગર ફૂદડી માર્યે સમજી જવું !! જરૂરી મેસેજનો ત્વરિત જવાબ આપવો કે ઈમ્પો ઈમેલનો પટ રીપ્લાય આપવો એ જ તો છે ઓલ્વેજ ઓનલાઈનનું મેઈન ટાસ્ક. એક્ચ્યુલી ઓનલાઈન જગત ભારી લલચામણું અને ભ્રામક છે એ તો જેમ જેમ યુઝ કરતા જાવ એમ એમ સમજાતું જાય છે છતાં પણ તમારા ઓનલાઈન સ્ટેટ્સ નો સાચો અને યોગ્ય ઉપયોગ કરી જાણો તો હાઈલી કનેકટેડ આ ડીજીટલ વર્લ્ડમાં ઓલ્વેઝ ઓનલાઈન રહેવાના ઘણા ફાયદા મેળવી શકો અને વીઝ-એ-વીઝ આપી પણ શકો. બીજાનું ઓનલાઈનનું પેલું ગ્રીન ડોટ જોતા જ મેસેજની પિચકારી ભરીને દોડતા પહેલા વિચારી લેવું કે પિચકારીમાં ભરેલો મેસેજ ખરેખર કેટલો અગત્યનો છે ? ફાલતું અને નકામા સંદેશાઓથી બની શકે કે ઓનલાઈનની લીલી બત્તી રેડ પણ થઈ જાય...એટલીસ્ટ તમારા માટે જ સ્તો...!!



એક ચોંકાવનારી વાત એ પણ છે કે આપણું દિમાગ આ સતત ઓનલાઈન કામ કરવા માટે ટેવાયેલું કે ઘડાયેલું કે બનેલું નથી જ...!!! ના સમજાયું ? વેઈટ, વાત જાણે એમ છે કે આપણા દિમાગની ઉત્પતી સમયના કામકાજ અને હાલના સમયમાં એની પાસેથી લેવાતા કામકાજમાં હાથીઘોડાનો ફેર છે. સાદા શબ્દોમાં આપણું દિમાગ સતત ઓનલાઈન રહેવા ટેવાયેલું નથી. ઈન્ટરનેટનો મહતમ ઉપયોગ દિમાગમાં ડોપામાઈન ઉત્પન્ન કરે છે જે એક પ્રકારના હેરોઈન કે ડ્રગના નશા જેવું જ છે. એક પ્રકારની લત લાગી જાય છે એને આ એક્સ્ટ્રા પ્લેઝરની અને એ એટલા પ્રમાણમાં આદી થઈ જાય છે કે જયારે કોઈ એમ કહે કે હવે હું ઓનલાઈન નહિ રહું ત્યારે ત્યારે દિમાગની અંદરના આ ડોપામાઈન એને વધુને વધુ વાર એવું સંભળાવે છે કે 'અલ્યા, ઓનલાઈન થા...' !! સરવાળે તમારું દિમાગ સાચું શું છે અને ખોટું શું છે કે પછી શું અગત્યનું છે અને શું નથી એનો ભેદભાવ કરવાનું ભૂલતું જાય છે. સતત ઉત્પન્ન થતા સ્તીમુલી અવિરતપણે તમારા દિમાગને ઢંઢોળ્યા કરે છે (સ્તીમુલી એટલે બનનારા બનાવોની ટીસ્યુ કે શરીરના ઓર્ગન્સ પર થતી અસર).

સવાલ એ નથી કે સતત ઓનલાઈન રહેવું સારું છે કે ખરાબ પણ સવાલ એ છે કે ક્યાં અને કેટલું ઓનલાઈન રહેવું? ના સમજાયું? સી... ઓનલાઈન રહેવું અને દેખાવું એ બંનેમાં ફર્ક છે. ઘણા માટે એમ કહેવાય છે કે ઓલ્વેઝ ઓનલાઈન બટ નોટ અવેલેબલ..!!! સ્માર્ટફોનના જમાનામાં લોગ-આઉટ તો થવાનું આવતું જ નથી, ઈનફેક્ટ ઘણી વાર તો બાય મિસ્ટેક રી-લોગીન કરવાનું આવે તો પાસવર્ડ યાદ કરવો પડે એટલી હદે સૌ સતત લોગ-ઈન રહેલા જ હોય છે પણ આગળ કહ્યું એમ અર્થ વગરનું અને કામ વગરનું સતત ઓનલાઈન દેખાવું એ જ મૂળ છે આ બધી સોશિયલ મીડિયાની સાઈડ ઈફેક્ટનું !!! (બાય ધ વે ઓનલાઈન હોવું જરૂરી છે અને ફાયદાકારક છે એ હાઈવે પર આજના લેખની ગાડી દોડતી હોવાથી મેં જાણી જોઈને સોશિયલ મીડિયાની સાઈડ ઈફેક્ટસ વાળી કચ્ચી સડકને સાઈડલાઈન કરેલ છે)!!

ઓનલાઈન હોય પણ અવેલેબલ ના હોય એવા આપણામાંથી ઘણા બધા હશે. મેસેજો આવ્યા કરતા હોય અને એવું બને કે ઓપન કરીને અછડતી નજરો નખાતી રહેતી હોય પણ શક્ય છે કે કામકાજી જીવોને રીપ્લાય આપવાનો સમય ના પણ હોય એવા સમયે ભલે અવેલેબલ ના હોય પણ એટલીસ્ટ ઓનલાઈન હોવું પણ કામનું છે અને આમ પણ કોઈ સતત ઓનલાઈન હોય તો એનો અર્થ એ નથી કે એ નેટ-એડીકટ છે કેમકે બની શકે કે ઓફીસ કે ધંધાના કોઈ કામ સબબ પણ ઓનલાઈન હોવું જરૂરી હોતું હશે બધા ઓનલાઈન કાઈ ફ્રી માર્કેટ નથી હોતા...એટલે બેટર એ છે કે 'ઓમનીપ્રેઝન્ટ' જ રહેવું. પેલું કહેવાય છે ને કે 'મૈ હું ભી ઔર નહિ ભી'...બસ કઈક એવું જ!!

વિસામો :

સવાલ : ઈન્ટરનેટ પર સતત ઓનલાઈન રહેતા વ્યક્તિને શું કહેશો?

જવાબ : નેટહેડ... સાયબરનટ...નેટફોલી...???